૩૦/૧૦,૯૯૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - ૨૩મી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''હવેથી હું ખોરાકની ચોરી નહિ કરું.'' (૪૬)
૨. ''તમે બધા ઝાડ પર ચડી જાઓ.'' (૨૬)
૩. ''આ જુઓ, ઘનશ્યામ આંબલીના ઝાડ પર બેઠા છે.'' (૯)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. અયોધ્યામાં ઘનશ્યામ સંધ્યા આરતીમાં ક્યાં પહોંચી જતા ? (૭૬)
૨. હનુમાનજી કોની પાસેથી ઘનશ્યામને છોડાવીને લાવ્યા ? (૩)
૩. અનંત જીવોનું કલ્યાણ કરવા ઘનશ્યામે ક્યાં પહોંચવાનો વિચાર કર્યો ? (૫૮)
૪. લક્ષ્મીમામીએ ઘનશ્યામના શરીરે શું જોયું ? (૧૮)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **મુમુક્ષુ કઈ દિશામાં છે ?** : તરગામની બહાર આંબાના ઝાડ પર ચડી ઇચ્છારામ પૂર્વ દિશામાં રહેલા ભક્તોને જોતા હતા. (૨૮)
૨. **આંધળાને દેખતો કર્યો** : ઘનશ્યામને દેવીબક્ષ નામના રાક્ષસની દયા આવી. તેમણે તેને માથે પગ મૂકી તેને દેખતો કર્યો. (૭૩)
૩. **બે સ્વરૂપે દર્શન** : સૌને ઠાકોરજીની મૂર્તિમાં ઘનશ્યામ દેખાય અને ધર્મપિતાની બાજુમાં જ તેમની સાથે આરતી ઉતારતા પણ દેખાય. (૭૧)
૪. **ટાઢે પાણીએ બળિયા ગયા** : ચંદનમાસીએ કહ્યું - 'આપણે બ્રાહ્મણ છીએ, માટે રોજ ન્હાવું જોઈએ.' (૧૯)

**પ્ર.૪** ''સરયૂને તીરે'' (૮૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મલ્લોનો પરાજય (૩૨)
(૧) ☐ માનસંગ (૨) ☐ દિલ્લીસંગ (૩) ☐ ભીમસંગ (૪) ☐ કેસરીસંગ

૨. ઘનશ્યામનો જન્મ (૧)
(૧) ☐ સં. ૧૮૩૭ (૨) ☐ ચૈત્ર સુદ નવમી (૩) ☐ મંગળવાર (૪) ☐ રાત્રિના ૧૨ વાગે

૩. ઘનશ્યામે હિંસા બંધ કરાવી. (૪૩)
(૧) ☐ ધર્મદેવને નિર્દોષ પ્રાણીઓ પર દયા આવી. (૨) ☐ ઘનશ્યામનું દિલ દુઃખથી ભરાઈ આવ્યું.
(૩) ☐ રાજા પીપળાના ઝાડ પર ચઢી ગયો. (૪) ☐ રાજાની ધોતલી છૂટી ગઈ.

૪. પ્રભુનું નામ પાડ્યું (૭)
(૧) ☐ હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ (૨) ☐ પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે
(૩) ☐ લોકોનાં દુઃખોનો નાશ કરશે (૪) ☐ લોકોને સમાધિ કરાવશે

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ઘનશ્યામને જોઈ વાઘ શાંત થઈ ગયો. (૬૭)
૨. રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો આપ્યો. (૭૯)
૩. ધર્મદેવ અને રામપ્રતાપભાઈને થયું બધાનાં નાડીપ્રાણ ઘનશ્યામના હાથમાં છે. (૨૩)

**વિભાગ-૨ : યોગીજી મહારાજ - ૧૬મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૮**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''સત્શાસ્ત્રનું વ્યસન રાખવું, અને બીજું, સારા સાધુનો સંગ રાખવો.'' (૧૩)
૨. ''સાધુ બનીને મારે તો આપની અને ઠાકોરજીની સેવા જ કરવી છે.'' (૧૦)
૩. ''મારી તબિયત નરમ છે.'' (૨૭)

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ઝીણા ભગતને દીક્ષા આપી શું નામ પાડવામાં આવ્યું ? (૧૯)
૨. પ્રમુખસ્વામી દ્વારા કેટલા સાધુ કરવાનો યોગીજી મહારાજનો સંકલ્પ હતો ? (૫૦)
૩. હરગોવિંદદાસ મહેતાએ યોગીજી મહારાજને ખાનગીમાં શું પૂછ્યું ? (૨૧)
૪. નવરાશના સમયે ઝીણાભાઈ શું કરતા ? (૭)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૯ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : માન - અપમાનમાં એકતા (૨૧)**

**૧.** યોગીજી મહારાજને બાવડું ઝાલીને ધક્કો મારીને મંદિરની બહાર કાઢ્યા. **૨.** યોગીજી મહારાજને ઉપવાસ હતો. **૩.** યોગીજી મહારાજ ગાડામાં સારંગપુરથી ગઢડા જતા હતા. **૪.** ગામના હરિભક્તોએ દ્વેષી સાધુઓને ધમકી આપી વાતાવરણ શાંત કર્યું. **૫.** ભગવત્સ્વરૂપ સ્વામીને જાળીમાં પૂરી દીધા. **૬.** માર માર્યો તો પણ યોગીજી મહારાજ અને સંતો કાંઈ બોલ્યા નહિ. **૭.** 'આપને સમયસર પાણી આજે નથી પાયું, અમારી ભૂલ માફ કરજો.' **૮.** યોગીજી મહારાજ હરિકૃષ્ણ મહારાજનું ગળું સૂકાતું હશે - એ વિચારમાં હતા. **૯.** એવામાં કેટલાક દ્વેષી સાધુઓ મંદિરમાં આવ્યા. **૧૦.** એમાં શો અપરાધ થયો ? **૧૧.** સંતમંડળ સાથે ફરતાં ફરતાં યોગીજી મહારાજ એકવખત કેરિયા ગામે પધાર્યા. **૧૨.** ગળગળા થઈને ઠાકોરજીને પ્રાર્થના કરી યોગીજી મહારાજે માફી માગી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

**તમામ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** ''યોગીજી મહારાજનું કાર્ય'' (૩૯) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. વડા અધિકારીને ઝીણાભાઈની વાત સાચી લાગી. (૪)
૨. પૂરીબાઈએ ઝીણાભાઈને કંસાર કરી જમાડ્યો. (૧૦)
૩. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને અક્ષર દેરીમાં સુવડાવવાનું કહ્યું. (૩૧)

**વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - ૧૬મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૮**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. સામત પટેલના કેટલા રૂપિયા લેવાનું મહારાજે નક્કી કર્યું ? (૨૧)
૨. શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (૩૮)
૩. કયા રાજા રાજ્યનું ઘણું કામ હોવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા ? (૮)
૪. બાળમંડળમાં જવાથી શું પવિત્ર થાય ? (૪૫, ૪૬)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રાર્થના (૪)
(૧) ☐ શુદ્ધ હૃદયથી ભગવાન પાસે માગણી કરવી (૨) ☐ પલાંઠી વાળી સ્થિર બેસવું
(૩) ☐ ભગવાનને તથા ગુરુને સંભારવા (૪) ☐ બે હાથ જોડી ભગવાનને નમસ્કાર કરવા.

૨. શ્રીજીમહારાજે કરેલા સમાજસુધારા. (૭)
(૧) ☐ સતીપ્રથાની નાબૂદી (૨) ☐ અહિંસક યજ્ઞો શરૂ કર્યા
(૩) ☐ બાળહત્યા બંધ કરાવી (૪) ☐ સ્ત્રીઓને શિક્ષણ અપાવ્યું

૩. ભાલની બીબડી (૨૫)
(૧) ☐ ભાલ દેશમાં સરંઢી ગામે રહે. (૨) ☐ પોતાના આંગણામાં બાવળિયો ઉછેર્યો હતો.
(૩) ☐ મહારાજે દાદાખાચરને દાતણ લેવા મોકલ્યા. (૪) ☐ લે, મારામાંથી આ બે ઈંધણા, એટલે મારું પણ સારું થાય.

૪. પૂંજો ડોડિયો (૪૧-૪૨)
(૧) ☐ માણકીને માટે તેઓ જાતે ખડ વીણી લાવતા (૨) ☐ શ્રીજીમહારાજના બારમાના દિવસે તેઓ ધામમાં ગયા
(૩) ☐ ત્યાં શિવાનંદ સ્વામી તથા નિર્ગુણાનંદ સ્વામી સામે મળ્યા (૪) ☐ 'સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેના સંત તને મળશે.'

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. દાદાખાચરનાં ઢોરઢાંખરની સંભાળ ................ રાખતો હતો. (૨૩) ૨. સહજાનંદ સ્વામી ભક્તોના .................. દુઃખ દૂર કરે છે. (૫)
૩. મૂળજી ભક્તને ........................ માં સાધુની દીક્ષા આપી. (૨૯) ૪. અક્ષર એટલે ............... . પુરુષોત્તમ એટલે .................. . (૩)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. ગળ્યા સાટા ...... સાકર છે ઝાઝી. (૨૩) ૨. શાસ્ત્ર સકળનો ...... ગુણાતીતાનંદ (૫૦)
૩. શ્રીમન્નિર્ગુણ મૂર્તિ ...... પ્રેમે નમું સર્વદા. (૧૭) ૪. નથી ડરતાં ...... ગાનને ગાઈશું. (શૌ.ગી.)

**પ્ર.૧૬** ''કોઈ ભગવાન સંભારે....'' (૩૨) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** ''અખંડાનંદ સ્વામી'' (૧૪) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**

❈ ❈ ❈